**<u>ક્રિમીનલ કેસ નં.૩૭૧/૨૦૨૩.</u>**

<u>આંક–૦૧ લગત હુકમ.</u>

(૧) હાલના કામના **આરોપી ગલાબેન મગનભાઈ મંડોડીયા, રહે. દાહોદવાળા** વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫એએ હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપી સ્વેચ્છાએ કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી. આજરોજ આરોપીની **આંક–૦૫થી પ્લી** રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) **આંક–૦૪થી આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી** જાહેર કરે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

આમ, હાલના કેસમાં કોર્ટ ધ્વારા ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯ ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીઓના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ :–**

આ કામના **આરોપી ગલાબેન મગનભાઈ મંડોડીયા, રહે. દાહોદવાળાને** ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો) પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતી નં. ૨૧૪/૨૦૨૨થી કબ્જે લેવાયેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

દાહોદ.

તારીખ :– ૧૧/૦૨/૨૦૨૩. (આર ડી. કકકડ)

લોક–અદાલત, સ્પે. સીટીંગ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, દાહોદ.

જી.જે–૦૧૨૩૭.